RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 76* Date: 11.01.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**સમગ્ર દેશમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના રસીકરણ શરૂ થશે**

## રાજ્યમાં તમામને કોરોના રસી મળશેઃ રૂપાણી સરકાર સજ્જ

**ચાર લાખ ઉપર હેલ્થકેર વર્કર્સ તેમજ ૬ લાખથી વધુ ફ્રન્ટલાઈન વર્કર્સ કુલ ૧૧ લાખ જેટલા કર્મચારીઓને કોરોના વેક્સીનનો પહેલો લાભ મળશે**

*ગાંધીનગર,તા.૧૦*

દેશભરમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વેક્સિનેશનની કામગીરી શરૂ થવા જઈ રહી છે. ત્યારે ગુજરાતમાં કોરોના વેક્સિનેશનને લઈને સીએમ રૂપાણીનું મહત્વનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે, વેક્સિન અપાયા બાદ લોકોને નિરિક્ષણ હેઠળ રખાશે. આ દરમિયાન તેમને કોઈ સમસ્યા થશે તો તેઓને તાત્કાલિક સારવાર આપવામાં આવશે. તેના માટે વેક્સિન સેન્ટર પર ત્રણ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં વેઈટિંગ રુમ, વેક્સિન રુમ અને ઓબ્ઝર્વેશન રુમ શામેલ છે.

વિજય રૂપાણીએ જણાવ્યું કે, 'વેક્સીન આવી ગઈ છે, મને એ વાતનો ગર્વ છે જે વેક્સીનને મંજૂરી આપવામાં આવી છે. તે બંને વેક્સીન મેઈન ઈન ઈન્ડિયા છે. સમગ્ર ગુજરાતમાં વેક્સીન આપવા માટે ડેટાબેઝનું કામ પૂર્ણ કરી દેવાયું છે. ગુજરાતની અંદર ચાર લાખ ઉપર હેલ્થકેર વર્કર્સ તેમજ ૬ લાખથી વધુ ફ્રન્ટલાઈન વર્કર્સ કુલ ૧૧ લાખ જેટલા કર્મચારીઓને કોરોના વેક્સીનનો પહેલો લાભ મળશે.'

આ ઉપરાંત ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વિજય રૂપાણીએ કહ્યું કે, કોરોના સામેની લડાઈમાં આપણે જીત મેળવી છે. તેમણે કોરોના સામેની લડાઈમાં ડૉક્ટરો અને કોરોના વૉરિયર્સની



પ્રશંસા કરી. સીએમ રૂપાણીએ કહ્યું કે, ડૉક્ટરો અને કોરોના વૉરિયર્સે ઉત્કૃષ્ટ કામગીરી નીભાવી છે. મુખ્યમંત્રીએ ગુજરાતની જનતાને કહ્યું કે, ગુજરાતમાં પ્રાયોરિટી પ્રમાણે દરેકને વેક્સિન મળશે. રાજ્યમાં વેક્સિનેશનની પ્રોસેસ માટે ગુજરાત તૈયાર છે. તેમણે અફવાઓ પર ધ્યાન ના આપવા પણ લોકોને અપીલ કરી છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, 'કોરોના વેક્સીનેશન માટે હાઉસ ટૂ હાઉસ સર્વેનું કામ પણ પૂર્ણ થઈ ચૂક્યું છે. એની અંદર ૫૦ વર્ષથી ઉપરના લગભગ ૧.૦૫ કરોડ લોકો છે. પચાસ વર્ષથી નાના ૨.૭૫ લાખ લોકો ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા છે. રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી એમ ૬ સ્થાનો પર વેક્સીન ટ્રાય રન સફળતાપૂર્વક પૂર્ણ કરાયો છે. આ દરમિયાન ૧૬૦૦૦ હેલ્થકેર વર્કર્સને વેક્સિનેટર તરીકે વિશેષ ટ્રેનિંગ આપીને તૈયાર કરવામાં આવ્યા છે. જેઓ વેક્સીન લગાડવાનું કામ કરશે.'

વેક્સીન સેન્ટર પર મુખ્ય ત્રણ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં વેઈટિંગ રૂમ, વેક્સીન રૂમ તથા જ્યાં વેક્સીન લગાડવામાં આવશે ત્યાં ઓબ્ઝર્વેશન રૂમ શામેલ છે. વેક્સીન લગાડ્યા બાદ જે લોકોને કોઈ સમસ્યા થાય તો તેમની તબીબી સારવાર માટે રૂમ ઉપલબ્ધ હશે. કોરોના વેક્સીનના ટ્રાન્સપોર્ટેશન માટે કોલ્ડ ચેઈનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વેક્સીનને સ્ટોર કરવા માટે રાજ્યમાં ૬ રિજિયનલ ડેપો તૈયાર કરવામાં આવ્યા છે. આ સંપૂર્ણ રસીકરણની વ્યવસ્થામાં જે સાધનોનો ઉપયોગ કરાશે તેનું ઓડિટિંગ પણ પૂરું થઈ ગયું છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર તરફથી પણ રાજ્યને વધારાના સાધનો મળી ગયા છે. આમ ભારત દુનિયાનું સૌથી મોટું વેક્સિનેશન કરવા માટે જઈ રહ્યું છે.

## ભારતીય સેનાએ જવાબી કાર્યવાહીમાં પાક.સેનાના ત્રણ સૈનિકોને ઠાર કર્યા



*શ્રીનગર,તા.૧૦*

એલઓસી પર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલા વારંવાર યુદ્ધવિરામ ભંગની સામે ભારતીય સેનાએ જડબેસલાક કાર્યવાહી કરી હતી. જેમાં પાકિસ્તાની સેનાના ૩ સૈનિકો માર્યા ગયા અને અનેક સૈનિકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

ઈન્ડિયન આર્મીએ કાશ્મીરના રાઝોરીના નૌશેરા સેક્ટર ખાતે પાકિસ્તાની સેનાના યુદ્ધવિરામ ભંગ વિરુદ્ધ જવાબી કાર્યવાહી કરી હતી. આ દરમિયાન દુશ્મન દેશની મહત્વની ચાર સેના ચોકીઓ પણ ભારતીય સેનાએ નષ્ટ કરી નાંખી હતી. રવિવારે દુશ્મન દેશની સેનાએ તેના આતંકીઓને ભારતની સરહદમાં ઘૂસાડવાના કાવતરા હેઠળ એલઓસી પર યુદ્ધવિરામનો ભંગ કરી ભારતીય સુરક્ષા દળોનું ધ્યાન ભટકાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. પરંતુ ભારતીય સુરક્ષા દળોની બાજ નજરથી આતંકીઓ બચી શક્યા નહીં.

ભારતીય સેનાએ આતંકીઓને કવર ફાયર આપી રહેલી પાકિસ્તાની સેના વ્યાજબી પાઠ ભણાવતાં જવાબી કાર્યવાહી કરી હતી. જેમાં તેના ૩ સૈનિકોના મોત થયા હતા અને અન્ય સૈનિકો ઘાયલ થયા હતા. ભારતીય સેનાની જવાબી કાર્યવાહીથી હેતબાઇ ગયેલી પાકિસ્તાની સેનાએ હાલમાં રાઝોરી એલઓસી પર યુદ્ધવિરામ ભંગ બંધ કરી દીધુ હતું.

જોકે આ અંગે એક રિપોર્ટ દર્શાવે છે કે જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાના હટાવ્યા પછી પાકિસ્તાન તરફથી એલઓસી પર યુદ્ધવિરામ ભંગની ઘટનાઓમાં મોટા પ્રમાણમાં વધારો થયો હતો. એલઓસી પર આતંકીઓને ઘૂસણખોરી માટે પાકિસ્તાન સેના દ્વારા કરવામાં આવતા યુદ્ધવિરામ ભંગની બનાવોએ વિતેલા ૧૭ વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો. ગયા આખા વર્ષ દરમિયાન પાકિસ્તાને એલઓસી પર ૪૭૦૦ વખત યુદ્ધવિરામ ભંગ કરી ગોળીબાર અને મોર્ટાર હુમલા કર્યા હતા.

## આજે વડાપ્રધાન મોદી તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરશે



*ન્યુ દિલ્હી,તા.૧૦*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ જાન્યુઆરીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે મીટિંગ કરશે.જેમાં તેઓ કોવિડ-૧૯ વેક્સિન પર ચર્ચા કરશે. દેશમાં ભારત બાયોટેકની કોવેક્સિન અને ઓક્સફોર્ડ એસ્ટ્રાજેનેકાની કોવિશીલ્ડ રરસીને ૩ જાન્યુઆરીથી ઈમરજંસી વપરાશ માટે મંજૂરી આપવામાં આવી છે.

પીએમ મોદી મુખ્યમંત્રીઓ સાથએ વર્ચુઅલ મીટિંગમાં વાયરસ સામે વેક્સિનેશન કાર્યક્રમ અંગે કેન્દ્રની યોજના પર ચર્ચા કરશે. વેક્સિન રોલઆઉટ દરમિયાન ઉભા થનારા પડકારોને ઓળખવા તથા સોફ્ટવેર પ્લેટફોર્મની ઓપરેશનલ ક્ષમતા જાણવા તાજેતરમાં જ નેશનલ ડ્રાઈ રન પણ ચલાવવામાં આવ્યું હતું. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શનિવારે ટ્વિટ કરીને કેન્દ્ર સરકારને તમામ દેશવાસીઓને કોરોના રસી ફ્રીમાં આપવાની અપીલ કરી હતી. આ પહેલા દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને ગુરુવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી સમક્ષ દિલ્હી અને દેશના તમામ રાજ્યોને કોરોના વેક્સિન ફ્રીમાં આપવામાં આવે તેવી માંગ કરી હતી. અરવિંદ કેજરીવાલે ટ્વિટ કર્યું, કોરોના સદીની સૌથી મોટી મહામારી છે. આપણા લોકોને સુરક્ષિત રાખવા ખૂબ જરૂરી છે. મારી કેન્દ્ર સરકારને વિનંતી છે કે કોરોના વેક્સિન તમામ દેશવાસીઓને ફ્રીમાં આવે. તેના પર થનારો ખર્ચ અનેક ભારતીયોના જીવ બચાવવામાં સહાયક થશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૬૭૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૫૧૯૪૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૦૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૮૦૬**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૩૯૭૭૧**

**મુખ્યમંત્રી ખટ્ટર કિસાનો સાથે સંવાદ કરવા કરનાર પહોંચ્યા હતા**

## હરિયાણામાં કિસાનો પર લાઠીચાર્જઃ પોલીસે ટીયર ગેસ છોડ્યા

*કરનાલ,તા.૧૦*

હરિયાણા સીએમ મનોહરલાલ ખટ્ટરના કાર્યક્રમનો ખેડૂતોએ વિરોધ કર્યો છે. કરનાલમાં ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું. સ્થિતિ બગડી તો તેને કાબૂમાં લેવા માટે પોલીસે ટીયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો. પહેલા ખેડૂતોને પાછળ હટવાનું કહેવાયું હતું. હરિયાણામાં સ્થિતિ કાબૂ બહાર જતા પોલીસે પાણીનો મારો કરીને ખેડૂતોને પાછળ કરવાની કોશિશ પણ કરવી પડી.

સૂબામાં સત્તાધારી પાર્ટી ભાજપની મહાપંચાયત હતી. પ્રદેશના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે નવા કૃષિ કાયદાની જાણકારી આપવા માટે પ્રદેશના દરેક જિલ્લામાં કિસાન મહાપંચાયત કરવાની જાહેરાત કરી હતી. સીએમની પહેલી મહાપંચાયત કરનાલ ગામ કેમલામાં થવાની હતી. આ કાર્યક્રમનો ખેડૂત સંગઠનો વિરોધ કરી રહ્યા હતા. કાર્યક્રમના વિરોધમાં કરનાલમાં ખેડૂતોએ ખુબ હોબાળો મચાવીને સરકારને કડક ચેતવણી આપી આરપારની લડાઈની ધમકી આપી છે.

કરનાલમાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણના કારણે હાલાત તણાવપૂર્ણ છે. કાળા ઝંડા સાથે કાર્યક્રમ સ્થળની તરફ જતા ખેડૂતો પર પોલીસે લાઠીચાર્જ કર્યો. ટીયર ગેસના સેલ છોડ્યા અને વોટર કેનનનો પણ ઉપયોગ કર્યો. ખેડૂતો સતત નારેબાજી કરી રહ્યા છે.

જો કે, કિસાનો અને ખેડૂતો વચ્ચે કૃષિ આંદોલન અંગે અનેક બેઠકો યોજાઇ ચૂકી છે. છતાં તેનું કોઇ પરિણામ આવ્યું નથી. સીએમ ખટ્ટર પણ કિસાનો સાથે સંવાદ કરી કૃષિ કાયદા અંગે સ્થિતિ સ્પષ્ટ કરવા માગે છે. ખટ્ટર પહેલાં પણ કહી ચૂક્યાં છે કે, એમએસપી દૂર કરવામાં નહીં આવે. આ ઘટના પર કોંગ્રેસે મુખ્યમંત્રી ખટ્ટર પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ જણાવ્યું કે, ખટ્ટર સરકાર કિસાન મહાપંચાયતના ઢોંગ બંધ કરે. સૂરજેવાલાએ ટ્વીટ કર્યું કે, મનોહલ લાલ જી, કરનાલના કૈમલા ગામમાં કિસાન મહાપંચાયતનો ઢોંગ બંધ કરો. ખેડૂતોની સંવેદનાઓ અને ભાવનાઓ સાથે રમત રમીને કાયદો વ્યવસ્થા બગાડવાનું ષડયંત્ર બંધ કરો. સંવાદ જ કરવો છે, તો છેલ્લા ૪૬ દિવસોથી સરહદો પર ધરણા કરી રહેલા ખેડૂતો સાથે કરો ને.

**પીએમ મોદી સૌથી વધુ ફોલોવર્સ ધરાવતા નેતા**

## ટ્રમ્પનું ટ્વિટર એકાઉન્ટ સસ્પેન્ડ થતા વડાપ્રધાન મોદી ટ્વિટર પર નંબર-૧ રાજનેતા બન્યા

*ન્યુ દિલ્હી,તા.૧૦*

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું ટ્વીટર એકાઉન્ટ સસ્પેન્ડ થવાથી અજાણતામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે એક રેકોર્ડ થઈ ગયો છે. પીએમ મોદી હવે વિશ્વમાં ટ્વીટર પર સૌથી વધુ ફૉલો કરવામાં આવનારા નેતા બની ગયા છે. થોડા દિવસો પહેલા જ આ રેકોર્ડ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નામે હતો. જો કે અમેરિકી સંસદમાં પોતાના સમર્થકો દ્વારા હિંસા ભડકાવવાના આરોપમાં માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વીટરે વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્રપતિનું ટ્વીટર એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધુ છે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પર્સનલ એકાઉન્ટ પર ૮૮.૭ મિલિયન એટલે કે ૮ કરોડ ૮૭ લાખ ફૉલો કરી રહ્યાં હતા. વિશ્વના સૌથી એક્ટિવ નેતાઓની લિસ્ટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા નંબર પર હતા. પીએમ મોદીના ૬૪.૭ મિલિયન એટલે કે ૬ કરોડ ૪૭ લાખ લોકો ફૉલો કરે છે. જો કે પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા ૧૨૭.૯ મિલિયન એટલે કે ૧૨ કરોડ ૭૯ લાખ ફોલોઅર્સ સાથે ટ્વીટર પર વિશ્વમાં સૌથી વધુ ફૉલો કરવામાં આવનાર રાજનેતા છે. જો કે ઓબામા હાલ કોઈ પદ પર નથી, આથી તેમને સક્રિય રાજનેતા ના માની શકાય. બીજી તરફ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ જો બાઈડનના ટ્વીટર પર ૨૩.૩ મિલિયન ફૉલોવર્સ છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર આરોપ છે કે, તેમણે ટ્વીટર એકાઉન્ટ થકી પોતાના સમર્થકોને ભડકાવ્યા અને તેમને હિંસા માટે ઉશ્કેર્યા. પ્રથમ ટ્વીટરે ટ્રમ્પના ટ્વીટને બ્લોક કરી દીધુ હતું. જે બાદ તેમના એકાઉન્ટને કાયમ માટે સસ્પેન્ડ કરી દીધુ છે. ટ્વીટરે કહ્યું કે, અમને આશંકા છે કે, રાષ્ટ્રપતિ પોતાના એકાઉન્ટનો ઉપયોગ હિંસા ભડકાવવા માટે કરી શકે છે. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૬ કરોડ ૪૭ લાખ ફૉલોવર્સ સાથે ટ્વીટર પર સૌથી વધુ ફૉલો કરવામાં આવનાર એક્ટિવ રાજનેતા બની ગયા છે.

## પોઝિટિવ સમાચારઃ દેશમાં ફક્ત ૨.૨૪ લાખ જ કોરોના એકસ્ટિવ કેસ



*ન્યુ દિલ્હી,તા.૧૦*

હાલ દેશમાં કોરોનાના કુલ ઍક્ટિવ કેસની સંખ્યા ૨,૨૪,૧૯૦ છે અને એ કુલ કેસના ૨.૧૬ ટકા થાય છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આપેલી માહિતી પ્રમાણે શનિવારે સવારે ૮ વાગ્યા સુધીમાં કોરોનાના ૧૮,૨૨૨ નવા દરદી નોંધાયા હતા અને કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૧,૦૪,૩૧,૬૩૯ થઇ હતી, પણ એમાંથી ૧,૦૦,૫૬,૬૫૧ દરદી સાજા થયા હતા.

ભારતમાં કોરોનાના દરદીની કુલ સંખ્યા ૧.૪ કરોડથી વધુ હતી, પણ એમાંથી એક કરોડથી વધારે દરદી સાજા થયા હોવાની વાત પ્રોત્સાહનજનક ગણાય.

મંત્રાલયે આપેલી માહિતી પ્રમાણે પાછલા ૨૪ કલાકમાં કોરોનાના વાઈરસે વધુ ૨૨૮ વ્યક્તિના જીવ લીધા હતા અને આ સાથે કુલ મરણાંક વધીને ૧,૫૦,૭૯૮ પર પહોંચ્યો હતો. કોરોનાને લીધે મરણ પામનાર દરદીની ટકાવારી ૧.૪૫ ટકા પર પહોંચી છે.

કોરોનાના કુલ ૧,૦૦,૫૬,૬૫૧ દરદી સાજા થયા હતા અને દરદીઓના સાજા થવાનો દર વધીને ૯૬.૪૧ ટકા થયો હતો.

આઇએમસીઆરના જણાવ્યા અનુસાર ભારતમાં ૦૯ જાન્યુઆરી સુધીમાં કોરોનાના કુલ ૧૮,૦૨,૫૩,૩૧૫ સેમ્પલના ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને એમાંથી શુક્રવારે ૯,૧૬,૯૫૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

મંત્રાલયે આપેલી માહિતી પ્રમાણે ભારતમાં કોરોનાના દરદીની સંખ્યા ૭મી ઑગસ્ટે ૨૦ લાખથી, ૧૬મી સપ્ટેમ્બરે ૫૦ લાખથી વધી હતી, ૨૯મી ઑક્ટોબર સુધીમાં ૮૦ લાખથી વધી હતી અને ૨૦મી નવેમ્બરે ૯૦ લાખથી વધી હતી અને ૧૯મી ડિસેમ્બરે એક કરોડનો આંક પાર થયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ભારતમાં કોરોનાના લીધે ૩૩૦૦૦ ટન કોવિડ બાયોમેડિકલ કચરો થયો



**ભારતમાં પાછલા ૭ મહિનામાં ૩૩,૦૦૦ ટન કોવિડ બાયોમેડિકલ કચરો થયો છે, જેમાં ૩,૫૮૭ ટન કચરા સાથે મહારાષ્ટ્ર ભારતમાં ટોચ પર છે. આ આંકડા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટામાં જણાવાયો છે.**

**અત્યાર સુધીમાં ઓક્ટોબર મહિનામાં સૌથી વધારે ૫,૫૦૦ કરતા વધુ ટન કોવિડ વેસ્ટ ભેગો થયો છે. એક ગણતરી પ્રમાણે સંપૂર્ણ એફિલ ટાવરનું વજન ૧૦,૧૦૦ ટન થાય છે. એટલે કે જો ભારતમાં ૭ મહિનામાં એકઠા થયેલા બાયોમેડિકલ વેસ્ટની વાત કરીએ તો તેનું વજન ત્રણ એફિલ ટાવર કરતા પણ વધારે થાય છે.**

**રાજ્યના પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આંકડા પ્રમાણે જૂન ૨૦૨૦થી તમામ રાજ્યોમાંથી ૩૨,૯૯૪ ટન કોરોનાના કારણે બાયોમેડિકલ વેસ્ટ એકઠો કરવામાં આવ્યો છે કોવિડ ૧૯ બાયોમેડિકલ વેસ્ટમાં મુખ્ય કચરો પીપીઇ કિટ, માસ્ક, જૂતાના કવર, મોજા, હ્યુમન ટિસ્યુસ, લોહી માટે વપરાતો પ્લાસ્ટિકનો સામાન, ડ્રેસિંગ માટે વપરાયેલો સામાન, પ્લાસ્ટર કાસ્ટ (પ્લાસ્ટર ઓફ પેરિસથી થયેલો કચરો), કોટન સ્વેબ, લોહીની થેલીઓ, નીડલ્સ, સિરિન્જ વગેરેનો તેમાં સમાવેશ થાય છે. આંકડા પ્રમાણે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૫,૩૬૭ ટન કોવિડ વેસ્ટ જૂનથી સાત મહિનામાં થયો છે. જ્યારે તે પછી કેરળ (૩,૩૦૦ ટન), ગુજરાત (૩,૦૮૬ ટન), તામિલનાડુ (૨,૮૦૬ ટન), ઉત્તર પ્રદેશ (૨,૫૦૨ ટન), દિલ્હી (૨,૪૭૧ટન), પશ્ચિમ બંગાળ (૨,૦૯૫), કર્ણાટકા (૨,૦૨૬) ક્રમશઃ આવે છે. લગભગ ૪,૫૩૦ ટન જેટલો કચરો ડિસેમ્બર દરમિયાન થયો છે જેમાં સૌથી વધારે મહારાષ્ટ્રમાં ૬૨૯ ટન અને તે પછી કેરળમાં ૫૪૨ ટન અને ત્રીજા નંબરે ૪૭૯ ટન સાથે ગુજરાતનો નંબર આવે છે. વિવિધ મહિનાઓના આંકડા પ્રમાણે ગુજરાત બાયોમેડિક વેસ્ટ જનરેટ કરવામાં લગભગ ઉપરના સ્થાને જ રહ્યું છે. આ સિવાય રાષ્ટ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આંકડા પ્રમાણે દિલ્હીમાં ૩૨૧ ટન બાયોમેડિકલ વેસ્ટ ડિસેમ્બર દરમિયાન થયો છે. આ સિવાય જૂનથી ૭ મહિના દરમિયાન ગુજરાતનો બાયોમેડિકલ વેસ્ટ લગભગ ૧થી ૫ નંબરમાં રહ્યો છે. જેમાં સપ્ટેમ્બર મહિના દરમિયાન ગુજરાત બાયોમેડિકલ વેસ્ટ જનરેટ કરનારું દેશનું ટોચનું રાજ્ય રહ્યું હતું. આ દરમિયાન અહીં ૬૨૨ ટન કચરો એકઠો થયો હતો. આ પછી ભારતીય પ્રદૂષણ નિંયત્રણ બોર્ડના આંકડા પ્રમાણે ક્રમશઃ તામિલનાડુ (૫૪૩ ટન), મહારાષ્ટ્ર (૫૨૪ ટન), ઉત્તરપ્રદેશ (૫૦૭ ટન) અને કેરળ (૪૯૪ ટન) રહ્યા છે.**

# PKSNY હેઠળ ૨૦ લાખ અયોગ્ય લાભાર્થીઓને ૧૩૬૪ કરોડની ચૂકવણી થઇ



ન્યુ દિલ્હી,તા.૧૦

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ૨૦.૪૮ લાખ અયોગ્ય લાભાર્થીઓને ૧૩૬૪ કરોડ રૂપિયાની ચૂકવણી થઈ ગઈ છે. આ જાણકારી કેન્દ્રીય કૃષિ મંત્રાલયે આરટીઆઇ હેઠળ માગેલી સૂચનાના જવાબમાં આપી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની શરૂઆત કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૯માં કરી હતી અને જે બાદ નાના ખેડૂતો કે જેઓની પાસે બે હેક્ટરથી ઓછી જમીન છે, તેઓને વર્ષમાં ત્રણ વખત કુલ છ હજાર રૂપિયા આપવામાં આવે છે. આરટીઆઇના જવાબમાં કેન્દ્રિય કૃષિ મંત્રાલયે જણાવ્યું કે અયોગ્ય લાભાર્થીઓની બે શ્રેણીની ઓળખાણ કરી ગઈ છે. તેમાંથી પહેલી શ્રેણીમાં અયોગ્ય અને બીજી શ્રેણીમાં ઈંક્રમટેક્સ ભરનાર ખેડૂતોની છે. કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિએટિવથી સંબદ્ધ આરટીઆઇ આવેદક વેંકટેશ નાયકે આ આંકડો સરકાર પાસેથી પ્રાપ્ત થઈ છે. તેઓએ કહ્યું કે અયોગ્ય લાભાર્થીઓમાં અડધાથી વધારે (૫૫.૫૮ ટકા) આયકરદાતાની શ્રેણીમાં છે. બાકી ૪૪.૪૧ ટકા એ ખેડૂતો છે, જે યોજનાની લાયકાત પૂરી કરતાં નથી.

તેઓએ કહ્યું કે, મીડિયામાં આવેલી ખબર મુજબ અયોગ્ય લાભાર્થીઓને ચૂકવણી કરેલ રાશિ વસૂલવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. સૂચનાના અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ પ્રાપ્ત સૂચનાથી જાણવા મળ્યું છે કે વર્ષ ૨૦૧૯માં શરૂ કરેલ પીએમ-કિસાન યોજના હેઠળ જુલાઈ ૨૦૨૦ સુધી અયોગ્ય લાભાર્થીઓને ૧૩૬૪ કરોડ રૂપિયાની ચૂકવણી કરી દેવામાં આવી છે. તેઓએ કહ્યું કે, સરકાર પોતાના આંકડાથી સંકેત આપે છે કે પૈસા ખોટા હાથોમાં જતા રહ્યા છે.

આરટીઆઇ આવેદકને જણાવ્યું કે આંકડાઓ મુજબ અયોગ્ય લાભાર્થીઓની મોટી સંખ્યા પાંચ રાજ્યો- પંજાબ, આસામ, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઉત્તરપ્રદેશમાં છે. સુચના મુજબ પંજાબ ટોપ પર છે. જ્યાં કુલ અયોગ્ય લાભાર્થીઓમાંથી ૨૩.૬ ટકા એટલે કે ૪.૭૪ લાખ લોકો છે, જે બાદ ૧૬.૮ એટલે કે ૩.૪૫ લાખ લાભાર્થીઓ આસામના છે. ૧૩.૯૯ એટલે કે ૨.૮૬ લાખ લાભાર્થી મહારાષ્ટ્રના છે. જ્યારે ગુજરાતમાં ૮.૦૫ ટકા એટલે કે ૧.૬૪ લાખ લાભાર્થી અને ૮.૦૧ ટકા એટલે કે ૧.૬૪ લાભ લાભાર્થી ઉત્તરપ્રદેશના છે. સિક્કિમમાં ફક્ત એક જ લાભાર્થીએ ગેરલાભ ઉઠાવ્યો છે, જે કોઈપણ રાજ્યમાં સૌથી ઓછું છે.

## ખારીયાઃ- વેરાઈ માતાજીના મંદિરે સંત શ્રી ચંદ્રશેખરપુરી બાપુની પુણ્યતિથિ નિમિત્તે બટુક ભોજન- સંતવાણી કાર્યક્રમ યોજાયો




બનાસકાંઠા કાંકરેજ તાલુકાના ખારીયા રૂની ગામ વચ્ચે આવેલ વેરાઈ માતાજીના મંદિરે સંત શ્રી ચંદ્રશેખરપુરી બાપુ વેરાઈ માતાજી ની પૂજા અર્ચના કરતા હતા અને ભક્તિભાવ ભજતાં હતા સ્થાનિક ભક્તજનો બાપુ પાસે જ્ઞાન લેવા માટે આવતા હતા બાપુ ના આશીર્વાદ હર હંમેશા સત્ય સાબિત થતા હતા તેમની ઉંમર ૧૦૦ વર્ષથી વધારે થઈ હતી ત્યારબાદ તેઓ દેવલોક પામ્યા હતાં દેવ થયા બાદ તેજ જગ્યામાં ચંદ્રશેખરપૂરી બાપુ નો ભંડારો કરવામાં આવ્યો હતો આજે એમને પાંચ વર્ષ પૂર્ણ થતાં વર્ષો વર્ષોની જેમ આજે એમના સેવકો દ્વારા પાંચમી પૂર્ણ તિથિ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં બાળકો માટે બટુક ભોજન અને બહારથી પધારેલા સાધુ સંતો ભક્તો અને મહેમાનોને ભોજન આપવામાં આવ્યું હતું અને રાત્રે સંતવાણી કાર્યક્રમ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે થરા વાળીનાથના મહંત સાધુ કરશનપુરી બાપુ તેમજ મહાન સાધુ સંતો ભક્તજનો સેવાભાવી લોકો સેવકો હાજર રહ્યા હતા અને બાપુના આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો...

(રિપોર્ટરઃ-બનાસકાંઠા)

## બુટલેગર કમલેશ કીર રીક્ષામાં વિદેશી દારૂ ભરી પસાર થતો હતો : અરવલ્લી એલસીબીએ ખેપ નિષ્ફળ બનાવી



અરવલ્લી બ્યુરો મોડાસા

ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂના રસિયાઓ વાર તહેવારની ઉજવણીના બહાના તળે દારૂ ઢીંચી મદમસ્ત બનતા હોય છે વિદેશી દારૂની ડિમાન્ડ તહેવારોમાં વધી જતા દરવખતે તહેવારો નજીક હોય ત્યારે બુટલેગરો સક્રિય બનતા હોય છે. અને અવનવા પ્રકારે વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવે છે. જોકે પોલીસ પણ ચોક્કસ માહિતીને આધારે દારૂની થતી હેરાફેરી નિષ્ફળ બનાવે છે.અરવલ્લી એલસીબી પોલીસ શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધર્યુ હતું ત્યારે રિક્ષામાં દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ સતર્ક બની બાતમી આધારીત રીક્ષાને રાયપુર ત્રણ રસ્તા પર અટકાવી તલાસી લેતા રીક્ષાની ડેકીમાંથી ૫૪ બોટલ વિદેશી દારૂ મળી આવતા રીક્ષા ચાલક બુટલેગર કમલેશ કીરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ક્ર અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી-ભિલોડા હાઈવે પર આવેલ રાયપુર ત્રણ રસ્તા પરથી પાલ્લા ગામ નજીક બાતમીના આધારે ડોડીસરા ગામ બાજુથી આવતી સીએનજી રીક્ષાને અટકાવી તલાસી લેતા રીક્ષાની ડેકીમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૪ કીં.રૂ.૩૨૪૪૦/- નો જથ્થો જપ્ત કરી વડોદરાની આજવા રોડ પરની કમલાનગર સોસાયટીમાં રહેતા કમલેશ રતનલાલ કીરની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ,મોબાઈલ,રીક્ષા મળી કુલ રૂ.૧૩૫૪૦૦/- નો જથ્થો જપ્ત કરી ઝડપાયેલ બુટલગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### રસીકરણ શરૂ થાય તે પહેલાં શાળાઓમાં બાળકોનો કલરવ ગૂંજશે

# સ્કૂલ ચલે હમઃ રાજ્યમાં આજથી ધો.૧૦-૧૨ના વર્ગો શરૂ થશે

*ગાંધીનગર,તા.૯*

રાજ્ય સરકાર દ્વારા શાળા અને કોલેજો શરૂ કરવા અંગે મોટી જાહેરાત કરવામાં આવી હતી. આજથી ધો.૧૦ અને ૧૧ના બાળકોનો અભ્યાસ શરૂ થશે.

કેન્દ્ર સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ શાળાઓ શરૂ કરવા માટે રાજ્ય સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ધોરણ ૧૦ અને ૧૨, પીજી, યુજીના છેલ્લા વર્ષનું શિક્ષણ કાર્ય શરૂ થશે.

અત્રો ઉલ્લેખનીય છે કે શિક્ષણ મંત્રીએ કહ્યું કે, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી. નિયમોના પાલનની જવાબદારી અધિકારી, આચાર્યની રહેશે. અન્ય ધોરણો અંગે પણ તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે. સાથે જ વાલીઓએ સંમત્ત પત્ર આપવો પડશે. ધોરણ-૯-૧૦-૧૧-૧૨દ્વક્ન વર્ગો ઓડ ઈવન સિસ્ટમથી શરૂ થશે. વિદ્યાર્થીઓના વાલીઓએ કે માતા-પિતાની સંમત્તિ લેવી ફરજિયાત છે. જો કોઇ વાલી પોતાના વિદ્યાર્થીને સ્કૂલમાં મોકલવામાં ના માંગતો હોય તો તેના માટે ઓનલાઈન શિક્ષણ વર્ગ પણ ચાલુ રહેશે.

ધોરણ ૧૦ અને ૧૨ તથા પોસ્ટ ગ્રેજયુએટ, અંડર ગ્રેજયુએટનું શિક્ષણ ચાલુ કરવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય ગુજરાત રાજયના તમામ બોર્ડ, સ્વનિર્ભર, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓને લાગુ પડશે. તો સાથે જ ધોરણ ૩ થી ૯ સુધીના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. આ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ અપાય. આ અંગે કેન્દ્ર સરકારની એસઓપીનો રાજય સરકારે વિચાર કર્યો. તમામ એસઓપી તમામ સંસ્થાઓને મોકલી આપવામાં આવી છે. ત્યારે શાળાઓએ તમામ એસઓપીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક, સ્વચ્છતાનું પાલન કરવાનું રહેશે. આ સાથે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ મળે તેવી પણ જાહેરાત ગુજરાત સરકાર દ્વારા કરાઈ છે. જેથી ગુજરાતમાં કોઈ પણ ધોરણમાં માસ પ્રમોશન આપવામાં નહિ આવે.

સીધી રીતે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની વાત નકારી કાઢી છે. જોકે, વિદ્યાર્થીઓને સ્કૂલ આવવાનું મરજિયાત કરાયું છે. સાથે જ વિદ્યાર્થીઓને વાલીઓની સહમતિ બાદ સ્કૂલમાં આવવા દેવાશે. આમ, સરકારના આ નિર્ણયની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી. ગુજરાત સરકારના આ નિર્ણયથી ગુજરાતમાં ૧૧ જાન્યુઆરીથી શાળા અને કોલેજ ખૂલશે.

માસ પ્રમોશન અંગે જાહેરાત કરતા શિક્ષણમંત્રીએ કહ્યું કે, જેટલુ ભણાવીશું તેની પરીક્ષા લેવાશે, વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ અપાય. ગુજરાતમાં બોગસ ડિગ્રી અંગે કોઈ પણનો પણ કયાંય આ પ્રકારનું કામ ચાલતુ નથી. દરેક યુનિવર્સિટીમાં તપાસ કરી છે. તપાસ ચાલુ છે. જો કોઈ કસૂરવાર હશે તો સખતમાં સખત પગલા લેવાશે.

## રસી લીધા પછી કોરોનાના હળવા લક્ષણ દેખાઈ શકે છેઃ એમ્સ ડાયરેક્ટર

ન્યુ દિલ્હી,તા.૧૦

દેશભરમાં કોરોનાની વેક્સીન મુકવાની ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે એમ્સના ડાયરેક્ટર ડો.રણદીપસિંહ ગુલેરીયાનુ કહેવુ છે કે, કોરોનાની રસી મુકાયા બાદ વ્યક્તિને કોરોના વાયરસનુ સંક્રમણ લાગી શકે છે. એક વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે, વેક્સીન લાગ્યા બાદ કોઈએ એવુ વિચારવુ ના જોઈએ કે, મારામાં તરત જ રોગ પ્રતિકારક શક્તિ વિકસી જશે. આવામાં માસ્ક પહેરવાનુ, સતત હાથ ધોવાનુ અને સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવાનુ ચાલુ રાખવુ જોઈએ.આ તમામ વસ્તુઓની સાવધાની રાખવી જોઈએ.કારણકે રસીના બે ડોઝ લીધા બાદ બે સપ્તાહ પછી પૂરી રીતે ઈમ્યુનિટી શરીરમાં બનતી હોય છે. ડો.ગુલેરિયાનુ કહેવુ હતુ કે, રસી મુકાયા બાદ પણ કોરોનાના હળવા લક્ષણ જોવા મળી શકે છે પણ સુરક્ષા એ વાતની હશે કે હોસ્પિટલ જવાની જરુર નહી પડે,આઈસીયુમાં સારવાર લેવી પડે તેવી શક્યતા ઓછી થઈ જશે.જોકે રસીના કારણે શરીરમાં બનનારી એન્ટી બોડીના કારણે ગંભીર પ્રકારનો કોરોના થવાની શક્યતા નહી રહે.હા આ પ્રકારનુ સંક્રમણ રસી લેનારા દર્દીને લાગ્યુ હોય તો તેના થકી બીજાને લાગી શકે છે.

### સાગબારા હાઈવે રોડ દેડીયાપાડા થી ૨ કિમી દૂર આવેલા

# હોટેલ સ્વામિનારાયણ સભા પાર્કિંગમાં ટ્રકમાં સંતાડેલ દારૂનો જંગી જથ્થો ઝડપાયો



રાજપીપલા,તા.૧૦

અંકલેશ્વર સાગબારા હાઈવે રોડ દેડીયાપાડા થી ૨ કિમી દૂર આવેલ હોટલ સ્વામિનારાયણ પાર્કિંગ નાટકમાં સંતાડી દારૂનો જંગી જથ્થો ઝડપાયો છે. આ અંગે ફરિયાદી અહે કો નરેન્દ્રભાઈ અનુપભાઈ સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાતી આરોપી સતિષ ટીટુ નાયક (રહે, ધાણી ફળિયું, ચિકિત્યબળ, ટાન્ડાપુર ,કુસુબલા,તા.ધરમપુરી જી. ધારા મધ્યપ્રદેશ ) તથા યાદલ (દાઢી ) (રહે,વાપી,મૂળ રહે,યુ. પી.) સામે સાગબારા પોલીસ મથકમાં ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ બંને આરોપીઓ પોતાની અશોક લેલન ટ્રક નંબર એમપી ૦૯ એચઈ ૭૬૧૯ મા ગોવા બોડર થી વિદેશી દારૂના અલગ અલગ બ્રાન્ડની કુલ બોક્સ નંગ.૨૯૮ માં કાચની નાના મોટી કંપની સીલબંધ કુલ બોટલ.૯૯૮૨ કિ. રૂ.૧૪૯૩૦૧૫/- નો બિનઅધિકૃત રીતે ટ્રકમાં ભરી સંતાડેલો હતો જેમાં તેના ઉપર લોખંડની ખાલી બે રોલ નું આયોજન મુજબ કવરિંગ કરી પ્રતિબંધ ગુજરાતમાં પ્રવેશ કરી દેડીયાપાડા નજીક હોટલ સ્વામિનારાયણ ધાબાના પાર્કિંગમાં પાર્ક કરેલ અને આરોપી ડ્રાઈવર પતિ સ્થળ ઉપર વિદેશી દારૂના બોર્ડરથી વિદેશી દારૂના અલગ-અલગ ત્રણની કુલ બોક્ષ નં.૨૯૮ માં કાચની નાના મોટી કંપની સીલબંધ કુલ બોટલ.૯૯૮૨ કિ. રૂ.૧૪૯૩૦૧૫/- નો પ્રોહિ જથ્થો તથા ટ્રક વાહન કિ.રૂ. ૧૨૦૦૦૦૦/- તથા મોબાઈલ ફોન કિં. રૂ.૫૦૦૦/- રોકડા નાણા રૂ. ૧૮૫૦/- તથા લોખંડની બેરંગ ૪૫ કિં. રૂ.૧૯૪૮૫/- તાડપત્રી નંગ.૧, રસ્સો નંગ.૧, વાહનને લગતા કાગળોની ફાઈલ,વાહનની ચાવી નંગ.૧, અલગ અલગ બલ્ટી નંબર.૨, પકડાયેલ ઈસમને આઈડી પ્રૂફ નંગ.૩ ચેકપોસ્ટની પહોંચ નંગ.૩ મળી કુલ કિ. રૂ. ૨૭૧૯૩૫૦ /- નો મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય તેમ જ બીજો ડ્રાઈવર યાદવ (દાઢી)સ્થળ ઉપર હાજર મળી આવેલ હોય. તથા મહેન્દ્રભાઈ નામનો ઈસમ હાલ (રહે,વાપી મૂળ રહે યુપી) જેનું નામ જણાવ્યું છે.તથા ઓમ ભૌયા (રહે,નવાપુર મહારાષ્ટ્ર ) ભરેલ ટ્રક મોકલી આપેલ હોય તે વાહન માલિક તથા ગુજરાતમાં વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર તથા પોલીસ તપાસમાં નીકળેલ તમામ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટઃ જયોતિ જગતાપ,રાજપીપળા

### સુરતના વેપારીના વેપારી સામે નોટબંધી કાર્યકાળ તપાસની જેમ

# વાપીના દિલશાદના શકાસ્પદ વ્યવહારની તપાસની માંગ



વાપી, સોમવારઃ સુરતના એક વેપારી દ્વારા નોટબંધી સમયમાં બેંકમાં કરોડો રૂપિયા જમા કર્યા હતા તે પ્રકરણની સીબીઆઈ દ્વારા તપાસ હાથ ધરવામાં આવતા વાપીના એક જાગૃત નાગરીક દ્વારા ચાર વરસ અગાઉ વિજિલન્સ વિભાગને એક મહિલા દ્વારા કરાતા કાળાનાણાની જાણ કરવામાં આવી હતી પરંતુ કોઈ અગમ્ય કારણથી તેઈ કોઈ તપાસ થઇ નહતી પરંતુ તે જ સમયમાં નોટબંધીમાં કરવામાં આવેલી કાળાનાણાની હેરાફેરીની તપાસ હાથ ધરવામાં આવતા તેમણે તે અરજી પર તપાસ કરવાની લાગણી વ્યક્ત કરી હતી

આ પ્રકરણની પ્રાપ્ત માહિતી એવી છે કે વાપીના સલીમ થોભાણી દ્વારા તા.5/12/2016ના રોજ વિજિલન્સના સંયુક્ત નિર્દેશકને પત્ર લખી વાપીની શ્રીમતી દિલશાદના શંકાસ્પદ નાણાકીય વ્યવહારની ફરિયાદ કરી હતી તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણી 10-15 વરસ અગાઉ એકદમ ગરીબ અવસ્થામાં હતા પરંતુ વર્તમાન સમયમાં તેઓ વાપીના શ્રીમંતોમાં સુમાર થાય છે તેમની માલીકીની અમન નામની ચાર માળની ઈમારત છે અને મેડાવ મંજિલ અને પ્રિન્સ નામની બીજી બિલ્ડિંગ પણ બનાવી દીધી છે અને બુનમેક્ષ નામની શાળા પણ ચલાવે છે

સલીમ થોભાણીએ દિલશાદના નોટબંધી દરમીયાન કરેલા વ્યવહાર પરથી પડદો ઉઠાવતા જણાવ્યું હતું કે તેમણે સેલવાસ રોડ ડીસીબી બેંકમાં કેટલાક લોકોના હોમલોન,અને પર્શનલ ખાતામાં કાળુંનાણું જમા કરવાનું પણ જણાવી સમગ્ર પ્રકરણની તપાસ કરી તેને બેનકાબ કરવા માંગ કરવામાં આવી હતી પરંતુ ફરિયાદ કોઈ અગમ્ય કારણથી દબાવી દેવામાં આવી હતી તેમણે સુરતની જેમ વાપીની દિલશાદની પણ તપાસ કરવાની માંગ કરો હતી.

# ફોર્ચ્યુનરના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે અથડાઈ ખાડામાં ખાબકતા ૧ નું મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ગમખ્વાર અકસ્માતની ઘટનાઓનો સીલસીલો યાથવત જોવા મળી રહ્યો છે હરિયાણા થી મુંબઈ જઈ રહેલ ફોર્ચ્યુનર કારના ચાલકે ધનસુરાના હિંદુપુરા ગામ નજીક વળાંકમાં સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે ભટકાઈ ખાડામાં ખાબકતા ફોર્ચ્યુનરમાં સવાર યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું કારમાં સવાર અન્ય બે લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા અકસ્માતની ઘટનાના પગલે ધનસુરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર,શનિવારે મોડી રાત્રે હરિયાણા પાસીંગની ફોર્ચ્યુનર કાર મોડાસા થી ધનસુરા રોડ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહી હતી ત્યારે શીકા નજીક હિંદુપુરા ગામના વળાંકમાં ફોર્ચ્યુનરના ચાલકે અગમ્ય કારણોસર સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા વળાંકમાં રહેલા ડિવાઈડર સાથે ફોર્ચ્યુનર અથડાઈ પલ્ટી ખાઈ ધડાકાભેર રોડની બાજુમાં ખાડામાં ખાબકતા ફોર્ચ્યુનરમાં સવાર અમીત શર્મા નામના યુવકનું ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતુ.

અકસ્માતના પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને મૃતક યુવાન અને ફોર્ચ્યુનરમાં સવાર અન્ય બે લોકોના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા અકસ્માતની ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



**કોંગ્રેસના યુગપુરુષ લોકનેતા સ્વર્ગસ્થ માધવસિંહ સોલંકી સાહેબની ગાંધીનગર ખાતેના નિવાસસ્થાનેથી રાજીવ ગાંધી ભવન - અંતિમ યાત્રા ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ**

### આરપાર ની લડાઈ લડી લેવાં આદિવાસીઓ આંદોલનનાં મૂડમાં..

# ઈકો સેન્સેટિવ ઝોન-SOU સત્તા મંડળ રદ કરવા આદિવાસીઓના અચોક્કસ મુદત સુધીનાં ધરણા

## ઈકો સેન્સિટિવ ઝોનના નામે પ્રવાસન વિકસાવવાની બાબત તથા કેવડિયાના ૬ અને ૧૨ ગામોને વિસ્થાપિત કરાઈ રહ્યા છે એનો અમને વિરોધ



રાજપીપળા:

સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રોજેક્ટ બાદ સરકારે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમા વિકાસ કરવા માટે વિકાસ પ્રવાસન સત્તા મંડળની રચના કરી હતી. પછી સરકારે શુલપાણેશ્વર અભિયરણ વિસ્તારના નર્મદા જિલ્લાના ૧૨૧ ગામોને ઈકો સેન્સેટિવ ઝોનમાં સમાવ્યા અને ખેડૂતોના ૭/૧૨ ના ઉતારામાં ઈકો સેન્સેટિવ ઝોનના નામની બીજા હકની કાચી એન્ટ્રી પડાતા વિરોધના સુર ઉઠ્યા હતા.જો કે હાલ સરકારે કાચી એન્ટ્રીઓ પડવાની ના પાડી છે અને જે એન્ટ્રીઓ પડી ગઈ છે એ રદ કરવાનો હુકમ કર્યો છે.

આ તમામની વચ્ચે હવે ઈકો સેન્સેટિવ ઝોન અને SOU વિસ્તાર વિકાસ પ્રવાસન સત્તા મંડળ રદ કરવાની માંગ સાથે આદિવાસીઓએ આંદોલન નું રણ શિંગુ ફુક્યુ છે. અને આંદોલન નાં મૂડમાં આવી ગયા છે

સ્ટેચ્યુ ઓફ યુનિટીના કેવડિયા ખાતે ઈકો સેન્સિટિવ ઝોન તથા જૌ વિસ્તાર વિકાસ પ્રવાસન સત્તા મંડળ હટાવો સમિતિના નેજા હેઠળ મોટી સંખ્યામાં આદિવાસીઓ અનિશ્ચિત કાળ સુધી ધરણા પર ઉતરી પડ્યા છે.

એક તરફ સરકારે કાચી એન્ટ્રીઓ રદ કરી છે ભાજપ નર્મદા જિલ્લાના આદિવાસીઓને સમજ આપી રહી છે તો બીજી બાજુ સ્થાનિક સ્વરાજ ચૂંટણી પેહલા શરૂ થયેલુ આ આંદોલન ચૂંટણીના પરિણામો પર જરૂર અસર કરશે એવું લાગી રહ્યું છે.


ઈકો સેન્સિટિવ ઝોન-SOU વિસ્તાર વિકાસ પ્રવાસન સત્તા મંડળ હટાવો સમિતિના કન્વીનર ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે ઈકો સેન્સેટિવ ઝોન કાયદો અને રેવન્યુ રેકોર્ડમાં ઈકો સેન્સેટિવ ઝોનની એન્ટ્રીઓ પણ રદ કરવામાં આવે.ઈકો સેન્સિટિવ ઝોનના નામે પ્રવાસન વિકસાવવાની બાબતનો તથા કેવડિયાના ૬ અને ૧૨ ગામોને વિસ્થાપિત કરાઈ રહ્યા છે એનો અમે વિરોધ કરીએ છીએ.

જો સરકારનું પ્રતિનિધિ મંડળ અમારી સાથે વાતચીત કરવા આવશે તો અમે તૈયાર છે પણ જો અમારી માંગો પુરી નહિ થાય તો દેશભર માંથી આદિવાસીઓ અને આદીવાસી સંગઠનના આગેવાનો કેવડીયામાં આવશે અને અમને અમારી લડતમાં સાથ આપશે.જ્યાં સુધી અમારી માંગો પુરી નહિ થાય ત્યાં સુધી ધરણા બંધ નહિ થાય.

જ્યારે આ સમિતિના સહ કન્વીનર બહાદુર વસાવાએ જણાવ્યું હતું કે સરકારે કહ્યુ છે કે ઈકો સેન્સેટિવ ઝોનની એન્ટ્રી રદ કરવાનું સૂચન આપ્યું છે પણ આ કાયદો તો કેન્દ્ર સરકારે પાસ કર્યો છે. આ એન્ટ્રી રદ કરવા કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને આપેલા હુકમની નકલ તથા ગુજરાત સરકારે નર્મદા કલેકટરને આપેલા હુકમની નકલ તથા નર્મદા કલેકટરે નાંદોદ, સાગબારા, ગરુડેશ્વર અને ડેડીયાપાડા મામલતદારોને એન્ટ્રી રદ કરવા કાયદેસરના હુકમની નકલ જો અમને નહિ આપે ત્યાં સુધી અમે ધરણા ચાલુ રાખીશું.કોર્ટ ૩૧/૧૨/૨૦૨૦ ના રોજ ફક્ત વેલચંડી ગામનોની જ એન્ટ્રી રદ કરવાનો હુકમ કર્યો છે બીજા ગામોની એન્ટ્રી રદ કરતો હુકમ નથી કર્યો.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# સ્ટેચયુ ઓફ યુનિટીને રેલવે લાઈનથી જોડી લોકાર્પણ કરવાનું કાઉન્ટ ડાઉન શરૂ




રાજપીપળા તા ૧૦

દેશ નું સૌવ પ્રથમ ગ્રીન રેલવે સ્ટેશન કેવડિયા ખાતે બની રહ્યું છે સ્ટેચયુ ઓફ યુનિટીને રેલવે લાઈનથી જોડી લોકાર્પણ રવાનું કાઉન્ટ ડાઉન ચાલી રહ્યું છે. ૧૪ મીએ કેવડિયા-ચાણોદ રેલવે લાઈનનો સીઆરએસ થનાર છે ત્યારે રેલવે દ્વારા અગાઉ જાહેર કરેલી ૮ ટ્રેનમાં શતાબ્દી અને એક મેમુનો વધારો કરી કુલ ૧૦ ટ્રેન ચલાવાનો નિર્ણય કર્યો છે.

પ્રતાપનગરથી રોજ ૩ મેમુ ચાલશે વડોદરા ડિવિઝનના ઉચ્ચાધિકારીનાં જણાવ્યા મુજબ સ્ટેચયુ ઓફ યુનિટી ખાતે રોજ ૧.૨૦ લાખ મુલાકાતી આવવાનું લક્ષ્ય કેન્દ્ર સરકારનું છે. જેમાં રેલવે ૨૦ હજાર લોકોને રોજ વહન કરે તે માટે ટ્રેન-કોચ વધારાઈ રહ્યા છે. વિવિધ રાજ્યોમાંથી કેવડિયા જવા આવનાર ટ્રેન વડોદરાથી સીધી કેવડિયા ઊભી રહેશે. ૮૨ કિમીના રૂટ પર એક કલાક ૨૦ મિનિટમાં ટ્રેન પહોંચશે.

પ્રતાપનગરથી રોજની ૩ મેમુ ટ્રેન ચાલશે, જે તમામ નાનાં સ્ટેશનોને આવરી લેશે. બરોડા એક્સપ્રેસ કેવડિયા સુધી લંબાવાઈ છે, જ્યારે મુંબઈ સેન્ટ્રલને બદલે દાદર સુધી ટૂંકાવાઈ છે. સૂત્રો મુજબ ટ્રેનનો મેન્ટેનન્સ દાદરમાં થતું હોવાને પગલે આ નિર્ણય લીધો છે.જયારથી સીએમ વિજય રૂપાણી એ ૧૬ જાન્યુઆરી ના રોજ pm મોદી દ્વારા લોકાર્પણ કરવાની જાહેરાત કરી છે ત્યારેથી રેલવે અધિકારીઓ માં દોડધામ મચી ગઇ છેવિશ્વામિત્રીથી પ્રતાપનગર થઈ ડભોઇ સુધીની ઈલેક્ટ્રિફિકેશન લાઈનનું શનિવારે કમિશનર ઓફ રેલવે સેફટીએ ઈન્સ્પેક્શન કર્યું હતું. સવારે ૯:૩૦ વાગે શરૂ થયા બાદ વિશ્વામિત્રીથી પ્રતાપનગર સુધી ૪ કિમીની લાઈન ચકાસણીમાં દોઢ વાગ્યા સુધીનો સમય ગયો હતો. બપોરે ૨ વાગે ડીઝલ એન્જિન અને ૬ કોચ સાથે દોડનારી ઈન્સ્પેક્શન ગ્રીન ૪ વાગ્યાના સુમારે રવાના થઈ હતી.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

### ઉત્તરાયણ પર્વમાં અરવલ્લી પોલીસનું જાહેરનામું

# ધાબા પર માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવી પતંગ ચગાવવા,બહારના લોકો પર પ્રતિબંધ



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાના સંક્રમણમાં જનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું છે તહેવારોની ઉજવણી પર પ્રતિબંધ લાદી દીધા બાદ તહેવારોમાં ધીરે ધીરે સરકારી ગાઈડ લાઈન પ્રમાણે ઉજવણી કરવા મંજૂરી આપવામાં આવી રહી છે ગુજરાતમાં નવરાત્રી અને ઉત્તરાયણની ઉજવણી ભારે રંગે ચંગે થતી હોય છે બંને તહેવારની ઉજવણી લઈને સમગ્ર વિશ્વમાં ગુજરાતને અલગ ઓળખ આપી છે લોકો બંને તહેવાર ભારે ધામધૂમ મસ્તી અને છૂટથી ઉજવણી કરતા હોય છે કોરોનામાં તહેવારોની મજા મરી ગઈ છે ત્યારે ઉત્તરાયણ પર્વને લઈને અરવલ્લી પોલીસે જાહેરામું બહાર પાડ્યું છે.જેમાં લોકોએ તેમના ધાબા પર બહારના વ્યક્તિને પ્રવેશ આપવા પર પાબંધી લગાવી દીધી છે

જાહેરનામાના ઉલ્લંઘન બદલ ચેરમેન સામે કાર્યવાહી કરવામાં આવશે

આ ઉપરાંત માસ્ક વગર પતંગ ચગાવવા પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. સાથે જ સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઇઝર રાખવું પડશે. જાહેરનામાના ઉલ્લંઘન બદલ ચેરમેન સામે કાર્યવાહી કરવામાં આવશે. જાહેરનામા પ્રમાણે ધાબા પર સોસાયટીના રહીશો સિવાય બહારના લોકોને પ્રવેશ આપવા પર સોસાયટીના ચેરમેન સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તો ધાબા પર કે મકાન પર માસ્ક પહેર્યા વગર પતંગ ચગાવતા પકડાશો તો કાયેદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ધાબા પર સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઇઝર રાખવુ પડશે અને નિયમો ભંગ કરના સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ઉત્તરાયણને લઈને અરવલ્લી પોલીસનું જાહેરનામા પર એક નજર

૧)જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો, રસ્તાઓ પર પતંગ ન ચગાવવા

૨)ઉજવણી સમયે સોસાયટી, ફ્લેટ કે એપાર્ટમેન્ટમાં પરિવારના અંગત સભ્યો જ હાજર રહે

૩)ફ્લેટ, એપાર્ટમેન્ટ કે મકાનની અગાશી પર માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સનુ પાલન કરવું,અગાશી પર મર્યાદિત લોકો હાજર રહી શકશે

૪)સોસાયટી, ફ્લેટ કે એપાર્ટમેન્ટમાં બહારના લોકોને પ્રવેશ ન આપો

શરતોનો ભંગ થશે તો સેક્રેટરી કે જવાબદાર વ્યક્તિ સામે પગલા લેવાશે

મકાન, ફ્લેટની અગાશી, સોસાયટીના મેદાનમાં લાઉડ સ્પીકર, ડીજે કે મ્યુઝિક સિસ્ટમ વગાડવા નહી

૫)૬૫ વર્ષથી વધુ વયના, અન્ય રોગથી પીડાતા, સગર્ભા મહિલા, ૧૦ વર્ષથી નાના બાળકો ઘરમાં રહે

૬) સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો, ચિત્રો પતંગ પર લખવા કે દોરવા નહી

૭)ચાઈનીઝ તુક્કલ, સિન્થેટિક દોરી, માંજા પાયેલી અને પ્લાસ્ટિકની દોરી પર રોક

# માણાવદરની ધણીધોરી વગરની સીટી સરવે કચેરી: કાયમી અધિકારી નિમવા થયેલી માંગણી

માણાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દેવજીભાઇ ઝાટકિયા એ ધણીધોરી વગરની બની ગયેલી -માણાવદરની સીટી સરવે કચેરીની લોકોને સારી સેવા મળી શકે તે માટે વ્યથા વ્યક્ત કરતો એક પત્ર મહેસૂલ મંત્રી કૌશિક પટેલ તથા સેટલમેન્ટ કમિશનર જમીન - દફતર નિયામક ગાંધીનગર તેમજ જૂનાગઢ સીટ સરવે સુપ્રિન્ટેન્ડન્ટને લખી જણાવ્યું છે કે

માણાવદર તાલુકામાં કાર્યરત અને બાંટવા તથા માણાવદર એમ બે શહેરોની વસતિ ૧૫ થી ૨૦ હજાર મકાનોના ખાતા ધરાવતી હોઇ જેથી મકાનો સંબંધિત કામકાજ અંગે વારંવાર સીટી સરવે કચેરીની જરૂર જણાય છે પરંતુ ધણા વર્ષોથી આ કચેરી નધણિયાત હાલત જેવી થઇ ગઇ છે

આ કચેરીમાં જે અધિકારી આવે છે તે અધિકારી અઠવાડિયામાં બે અઢી દિવસ જ કામ કરે છે. કારણ કે તેની પાસે અન્યત્ર જગ્યાનો ચાર્જ હોવાથી પૂરો સમય ફાળવી શકતા નથી વળી તેની નીચે કોઇ કલાર્ક પણ નથી જેથી પટાવાળો પણ આવે તો આવે નહીતર ન આવે !

ઓફિસમાં લેન્ડલાઈન ફોન પણ નથી તાજેતરમાં અહી આવેલા મેન્ટેનન્સ સરવેર કોઇ બગડા મહિલા છે તે પોતાનો કે સરકારી મોબાઇલ નો નંબર કોઇને આપતા નથી લોકોને કચેરી ના પગથિયાં ચડીને ઓફિસે જાય તો ત્યાં ઓફિસ ને તાળા લાગેલા હોય છે માટે લોકોને સુવિધા મળી રહે તે માટે અહી ફૂલટાઇમ કાયમી અધિકારી ની નિમણુંક જરૂરી છે તેમ દેવજીભાઇ ઝાટકિયા એ જણાવ્યું છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# વંથલી ખાતે શ્રીરામ જન્મભુમી મંદિર નિર્માણ સમર્પણ અભિયાન અંતર્ગત મીટીંગ યોજાઈ

આજ રોજ વંથલી ખાતે શ્રીરામ જન્મભુમિ મંદિર નિર્માણ નીધી (ફાળો) એકત્ર કરવા માટે વંથલી સહકાર ભવન ખાતે એક મીટીંગ યોજાઇ હતી આજની આ મીટીંગ માં રામ જન્મભુમિ અને રામમંદિર વિશે ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક ના ડાયરેક્ટર દિનેશભાઈ ખટારીયા એ માહિતગાર કર્યા હતા. અને તા. ૧૫/૦૧/૨૦૨૧ થી તા. ૨૭/૦૨/૨૦૨૧ સુધીનો રામ મંદિર નિર્માણ-અયોધ્યા નીધી માટે દરેક ભાઈઓ તથા બહેનોએ સહકાર આપી નીધી (ફાળા) માં આપનું યોગદાન આપવા ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક ના મેનેજિંગ ડાયરેક્ટર દિનેશભાઇ ખટારીયા એ અનુરોધ કર્યો છે.

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# સોમવાર થી રાજપીપળા સહિત નર્મદા મા ધોરણ ૧૦ અને ૧ ૨ ની શાળાઓ શરૂ થશે

રાજપીપળા,તા.૧૦

સોમવારથી ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવામાં આવી રહ્યા છે. લગભગ ૮ મહિનાના વેકેશન પછી શાળા ખોલવા જઈ રહી છે, ત્યારે વિદ્યાર્થીઓ માં એક તરફ શાળાઓમાં જવા માટે ઉત્સાહ છે.તો બીજી તરફ વાલીઓને કોરોનાનો ડર લાગી રહ્યો છે. પોતાના સંતાનોને કોરોના સંક્રમણ થવાની દહેશતથી વાલીઓ પોતાના વિદ્યાર્થીઓને શાળાએ મોકલતા નહિ રહ્યા છે,એ જોતાં પહેલે દિવસે સોમવારે વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળે તેવી શક્યતા છે.

જો કે સોમવારથી શાળા માં ૧૦૦% સ્ટાફ મુ લાવવાનો રહેશે શાળામાં થર્મલ ગન વસાવવી, શાળામાં તમામ વર્ગખંડ પરિસરમાં ટોયલેટમાં સેનીટાઇઝર સ્વચ્છતા કરાવવી,શાળામાં શુક્રવાર શનિવાર માં મેદાનમાં છ ફૂટના અંતરે ગોળ રાઉન્ડ કરવા,શાળામાં સેનીટેશનની વ્યવસ્થા કરવી, શાળામાં પટાવાળા ન હોય, ત્યાં શૈક્ષણિક સ્ટાફ વિદ્યાર્થીઓનું થર્મલ સ્ક્રીનીંગ કરવું,વાલીની સંમતિ આપે તો જ વિદ્યાર્થીને શાળા પર બોલાવાશે, શાળામાં વિદ્યાર્થી આવતાની સાથે જ તેમ જ શાળા છૂટયા સુધી શાળામાં વિદ્યાર્થી માટે વિવિધ પ્રોટેક્શન સમિતિ બનાવવામાં આવી રહી છે.

એસઓપી ગાઈડલાઈન મુજબ, વિદ્યાર્થી ટ્રાન્સપોર્ટેશન કરતા હોય તેના માટે આચાર્યએ એસઓપીની ગાઇડલાઈનનું પાલન કરવાનું રહેશે, શાળામાં એસઓપીની પ્રિન્ટ કાઢી દરેક શિક્ષક તેમજ વહીવટી કર્મચારીની સહી કરાવવી પડશે, આસપાસના આરોગ્ય વિભાગના લાગુ પડતા સીએચસી,પીએચસીના ટેલીફોન નંબર રાખવા વિદ્યાર્થી તેમજ શાળાના તમામ સ્ટાફ ફરજિયાત રાખવા તથા શાળામાં પોતાના રેગ્યુલર ટાઈમ મુજબ શરૂ કરી, વિદ્યાર્થીઓને પ્રથમ દિવસે શાળાએ આવકારવાની આચાર્યોને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી તરફથી સૂચના અપાય છે. ઉપરાંત જે વિદ્યાર્થીને શાળા પર આવવાની પરમિશન આપેલ ન હોય તેના માટે શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે.

વાલીઓની સંમતિ માટે શાળાઓ વાલીઓ પાસેથી ફોર્મ ભરાવશે, જોકે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીને ત્રણ કલાક ભણાવાશે.સોસીયલ ડિસ્ટન્સ,માસ્ક અને સેનેટાઈઝર લગાવીને વર્ગખંડમાં પ્રવેશ કરાવશે. લિમિટેડ સંખ્યામાં બેસાડવાના હોવાથી શિક્ષકોની એક વિષય બેબ્બે વાર બનાવવા પડશે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

### પશુપાલન વિભાગે સેમ્પલ લઇ તપાસ અર્થે ભોપાલ મોકલાવ્યા

# રાજપીપળામાં બર્ડ ફ્લૂની દહેશત વચ્ચે છ કાગડાના શંકાસ્પદ મોત



રાજપીપળા, તા. ૧૦

રાજપીપળામાં બ્લડ ફ્લૂની દહેશત વચ્ચે નર્મદા જિલ્લામાં ગઈકાલે છ કાગડાના શંકાસ્પદ મોત થયા હતા.જેને લઈને પશુપાલન વિભાગ હરકતમાં આવ્યું હતું. જોકે આ છ કાગડાના સેમ્પલને લઈને તપાસ અર્થે ભોપાલ મોકલાવ્યા છે.જેનો રિપોર્ટ હજુ આવ્યા નથી.પરંતુ સાવચેતીના ભાગરૂપે હાલ નર્મદા જિલ્લામાં આવેલા પાંચ પોલ્ટ્રી ફાર્મમાં તથા મટનની દુકાનોમાં પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું.


જોકે આજે દેડીયાપાડા તાલુકાના નાની બેડવાણ ગામે પણ કાગડા અને મરઘા મરી ગયા હોવાનો અહેવાલ મળ્યા છે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર આરોગ્ય વિભાગની ટીમ પહોંચી હતી. જેમાં ખેતરોમાં અને શમશાન તરફના વિસ્તારમાં કાગડા અને મરઘા મરી ગયેલા જણાતા પશુચિકિત્સકની ટીમને જાણ કરતા આજે શંકાસ્પદ જણાયેલ મૃત પક્ષીઓના સેમ્પલ લીધા હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

જોકે આ ઘટનાને પગલે આરોગ્ય વિભાગ દ્વારા રાજપીપળા માં આવેલ ચિકન સેન્ટર પર પણ તપાસ કરી જરૂરી સાવધાની રાખવાની સુચના આપી હતી,સાથે આ રોગ સૌથી વધુ મરઘામાં જોવા મળતો હોવાથી જો કોઈ મરઘા કલગી ફૂલી જવા, મોઢામાંથી લાળ ટપકવી પડવું જેવા લક્ષણો દેખાય તો તરત તંત્રને જાણ કરવાની રહેશે.જેથી મરઘીને અલગ રાખી જરૂરી સાવચેતી રાખવામાં આવશે.

નર્મદા જિલ્લામાં બર્ડ ફ્લૂનો એક પણ કેસ હજુ સુધી નોંધાયો નથી. પરંતુ એક સાથે છ કાગડાના મોત થતાં તેને શંકાસ્પદ ગણવામાં આવ્યા છે. આ કાગડા એલઆઇસી ઓફિસ પાસેથી મળી આવ્યા હતા. જ્યાં આજુબાજુ માંથી પણ સેન્ટ્રો આવેલા હોવાથી ચિકન આવેશ.જે બહાર ફેંકવામાં આવે છે. તે ખાધા બાદ ફૂડ પોઇઝનિંગ થયું હોવાની તંત્રને આશંકા વ્યક્ત કરી છે. જે સંદર્ભે હાલ પશુપાલન વિભાગની ટીમ તપાસ કરી રહી છે.

નર્મદા જિલ્લામાં બર્ડ ફ્લૂની અસર નથી.૬ કાગડાના મોત થતાં વન વિભાગની ટીમને સાથે રાખીને સેમ્પલ લેવામાં આવ્યા છે.જે ભોપાલ લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. હજુ તેનો રિપોર્ટ આવ્યો નથી.સાવચેતીના ભાગરૂપે અમે તમામ પોટરી ફાર્મ પર સતત ચેકિંગ રાખી રહ્યા છે સામાન્ય રીતે બર્ડ બ્લુ આવતા લોકોમાં ભયનો માહોલ બને છે. પરંતુ આ પંક્ષીઓમાં ફેલાતો રોગ છે.છતાં કાળજી રાખવી જરૂરી છે. ડો. જીગ્નેશ દવે નાયબ નિયામક પશુપાલન વિભાગ.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા



**ગુજરાત ના કોંગ્રેસ ના દિગ્ગજ ,પૂર્વ મુખ્યમંત્રી,પૂર્વ કેન્દ્રીય વિદેશ મંત્રી શ્રી માધવસિંહ સોલંકી નું ૯૪ વર્ષે ગઇકાલે વહેલી સવારે નિધન. થયેલુ...આજે બપોરે પ્રદેશ કોંગ્રેસ રાજીવ ગાંધી ભવન ખાતે બપોરે ૩ થી પાંચ તેમનો દેશ દર્શનાર્થે રાખવામાં આવશે...જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક,ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પરિવાર વતી ઈશ્વર ને પ્રાર્થના કે તેમના આત્મા ને શાંતિ આપે તેમજ પરિવાર ને આ આઘાત સહન કરવાની શક્તિ આપે..**

**પ્રદીપ રાવલ.તંત્રી**

# અમદાવાદના રેન્જ આઈજી કેસરીસિંહ ભાટીનું હૃદયરોગના હુમલાના કારણે નિધન



અમદાવાદના રેન્જ આઈજી કેસરીસિંહ ભાટીનું આજે રવિવારના રોજ હૃદયરોગના હુમલાના કારણે નિધન થયું છે. ગતરોજ શનિવારના રોજ તેમની તબીયત નાદુરસ્ત થતા તેઓને ઝાયડ્સ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. અમદાવાદના રેન્જ આઈજી કેસરીસિંહ ભાટીનું આજે હૃદયરોગના કારણે નિધન થયું છે. એક માર્ગ અકસ્માતમાં માસુમ બાળક પિતાની લાશ પાસે બેસી રડી રહ્યું હતું ત્યારે ઘટાના સ્થળે ઉભેલા તમામ લોકની આંખો ભરાઇ આવી હતી. બાળકને રડતું જોઇને અકસ્માતની તપાસ કરવા માટે આવેલા IPS અધિકારી કેસરીસિંહ ભાટીએ આ બાળકને ભણાવવા માટે કહ્યું હતું.IPS અધિકારીએ તપાસ કરી તો આ બાળકની માતા જ તેનો આશરો હતી, પરંતુ તે બોલી અને સાંભળી શકતી ન હતી. બાળકને ભણાવવા માટે અધિકારી સતત મદદ કરતા રહ્યા અને આ દરમિયાન તેમની બદલી થઇ ગઇ. થોડા દિવસ પછી તેઓ બાળકની ભાળ મેળવવા માટે તેમના ગામ ગયા તો જાણવા મળ્યું કે બાળકે ભણવાનુ છોડી દીધુ અને નાનું-મોટું કામ કરવા લાગ્યો હતો.

બાળક નાનો હતો અને તેની સાથે વાત કરતા જાણવા મળ્યું હતું કે તેના પિતાના મોત બાદ તેના ઘરનું નિર્વાહ તેના મામા કરતા હતા. તે પણ ટ્રેન નીચે આવી જતા તેમના બન્ને પગ કપાઇ ગયા છે. હવે માતાની સાથે તેના મામાની પણ જવાબદારી તેના માથે આવી ગઈ હતી. જેથી તેણે નાનુ મોટું કામ કરવાનુ શરૂ કર્યું. બાળકે કહ્યું 'સાહેબ હું નહી કમાઉ તો મારી માતા અને મામા જીવી નહી શકે'. આ સાંભળીને IPS અધિકારી પણ સમસમી ઉઠ્યા અને તેને બાળકની વધુ મદદ કરવા માટે જણાવ્યું હતું. પણ બાળકે માંને છોડીને ક્યાંય જવાની ના પાડી દીધી. આજે પણ આ બાળક તેની માતાની સેવા કરી રહ્યો છે. જ્યારે IPS અધિકારી દર વર્ષે તેને અને તેના પરિવારને કપડા અને નાની મોટી મદદ કરતા રહ્યા હતા.ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.